# ૨૧ આઈએએસ અધિકારીઓની બદલી

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧

રાજ્ય સરકારે ૨૧ આઈએએસ અધિકારીઓની બદલી કરી છે. વિધાનસભાની ચૂંટણી પહેલાં મહત્વના જિલ્લાના કલેક્ટરો તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓને બદલ્યાં છે. ટૂંક સમયમાં સરકારના વિભાગોના મહત્વના અધિકારીઓની બદલી થાય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. એ ઉપરાંત રાજ્યમાં ૨૪ કરતાં વધારે આઈપીએસ અધિકારીઓની બદલી પણ તોળાઈ રહી છે.

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| ૧. અવન્તિકા સિંઘ | કલેક્ટર આણંદ, | કલેક્ટર, ભરૂચ |
| ૨. રૂપવંત સિંઘ | કલેક્ટર, ભરૂચ | કલેક્ટર, વલસાડ |
| ૩. સંદીપકુમાર | કલેક્ટર, જામનગર | કલેક્ટર, આણંદ |
| ૪. એમ.થેનારસન | કલેક્ટર, ભૂજ | ડેપ્યુટી મ્યુનિ.કમિ. અમદાવાદ |
| ૫. જયપ્રકાશ શિવહરે | કલેક્ટર, સાબરકાંઠા | કલેક્ટર, સુરત |
| ૬. એ.જે.શાહ | કલેક્ટર, સુરત | કલેક્ટર, ભૂજ |
| ૭. રણજીથ કુમાર જે | ડીડીઓ, ભાવનગર | જોઈન્ટ એમડી, ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર કંપની |
| ૮. રાજેશ માન્જુ | ડીડીઓ, ડાંગ | કમિશનર, યુવક સેવા |
| ૯. એ.એ.ગાંધી | ડીડીઓ, ગાંધીનગર | ડેપ્યુટી સેક્રેટરી, શિક્ષણ |
| ૧૦. એન.બી.ઉપાધ્યાય | ડીડીઓ, રાજકોટ | કલેક્ટર, જામનગર |
| ૧૧. પી. ભારથી | ડીડીઓ, વલસાડ | ડાયરેક્ટર, આઈસીડીએસ |
| ૧૨. ડી.જી.ઝાલાવાડિયા | વેઈટીંગ પોસ્ટ | ડાયરેક્ટર, સિવીલ સપ્લાય |
| ૧૩. એસ.બી.રાવલ | એમડી, પીજીવીસીએલ | ડાયરેક્ટર, મ્યુનિસિપાલટી |
| ૧૪. જી.એ.શાહ | કલેક્ટર, પોરબંદર | એમડી, પીજીવીલીએલ |
| ૧૫. જે.એમ.સેવક | જોઈન્ટ સેક્રેટરી, રમતગમત | કલેક્ટર, પોરબંદર |
| ૧૬. કે.બી.ભટ્ટ | ડીડીઓ, પોરબંદર | એડી.કમિશનર, કોમર્શિયલ ટેક્સ |
| ૧૭. એલ.સી.પટેલ | કલેક્ટર, વલસાડ | કલેક્ટર, સાબરકાંઠા |
| ૧૮. જેનુ દેવન | ડીડીઓ, નર્મદા | ડેપ્યુટી મ્યુનિ.કમિ. વડોદરા |
| ૧૯. જે.ડી.ભાડ | જોઈન્ટ સેક્રેટરી, શિક્ષણ | જોઈન્ટ સેક્રેટરી, સામાજીક ન્યાય |
| ૨૦. બી.જે.ભટ્ટ | ડીડીઓ, બનાસકાંઠા | ડીડીઓ, ગાંધીનગર |
| ૨૧. એચ.આર.સુથાર | એડિશનલ કલેક્ટર, સાબરકાંઠા | ડીડીઓ, ભાવનગર |

# ગેસ કેડરના આઠ અધિકારીઓને આઈ.એ.એસ. કેડરમાં બઢતી સાથે નિમણુંક

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકારના આઠ ગેસ કેડરના અધિકારીઓને આઈ.એ.એસ. કેડરમાં બઢતી આપીને નિમણુંક આપવામાં આવી છે.

| નામ | હાલની જગ્યા | બઢતીની જગ્યા |
|---|---|---|
| બી.કે. ઠાકર | સચિવ<br>ગુ.હા.બોર્ડ, ગાંધીનગર | ડી.ડી.ઓ.<br>ડાંગ આહવા |
| જે.કે. આસ્તીક | મુ.કા. અધિકારી<br>મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર | મુ.કા. અધિકારી<br>મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર |
| એસ.એલ. અમરાણી | જનરલ મેનેજર<br>એસ.ટી.નિગમ, અમદાવાદ | અધિક ગ્રામ વિકાસ<br>કમિશનર, ગાંધીનગર |
| એમ.એમ. કોટવાલ | કમિશનર<br>યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ | નાયબ મ્યુનિસિપલ કમિશનર<br>મ્યુ. કો. રાજકોટ |
| એમ.એસ. પટેલ | નાયબ મ્યુનિસિપલ કમિશનર<br>મ્યુ.કો. અમદાવાદ | ડી.ડી.ઓ.<br>બનાસકાંઠા |
| બી.સી. પટની | નિયામક<br>જી.ગ્રા.વિકાસ એજન્સી,જામનગર | ડી.ડી.ઓ.<br>પોરબંદર |
| એલ.પી. પાડલીયા | અધિક કલેક્ટર<br>ઔડા | મ્યુનિસિપલ કમિશનર<br>મ્યુ.કો. ગાંધીનગર |
| કે.ડી. ચંદનાની | મ્યુ.કા. અધિકારી<br>સર (સ્પે.ઈ.રીજીયન) ધોલેરા | મુ.કા. અધિકારી<br>સર (સ્પે.ઈ.રીજીયન) ધોલેરા |

# ત્રણ સનદી અધિકારીઓને ઉચ્ચતર પગાર ધોરણમાં બઢતી

રાજયના ત્રણ સનદી અધિકારીઓને આઈ.એ.એસ. કેડરમાં સીનીયર ટાઈમ સ્કેલમાં બઢતી આપવામાં આવી છે.

| નામ | હાલની જગ્યા | બદલી બઢતીની જગ્યા |
|---|---|---|
| પટેલ ધવલકુમાર કીરીટકુમાર | આસીસ્ટન્ટ કલેકટર, પાટણ | ડી.ડી.ઓ., રાજકોટ |
| ઉદીત અગ્રવાલ | આસીસ્ટન્ટ કલેકટર, પાલીતાણા | ડી.ડી.ઓ., વલસાડ |
| મીસ એસ. ચાકચુક | આસીસ્ટન્ટ કલેકટર, મોરબી | ડી.ડી.ઓ., નર્મદા |

# ખાત્રજ રોડ પર ચા ની કીટલીએ પટ્ટા વડે યુવાનની ધોલાઈ

કલોલ, તા. ૧

કલોલના ખાત્રજ ગામે બાઈક અડવા બાબતે થયેલી મારામારીની અદાવત રાખીને એક શખ્સે ચા ની કીટલી પાસે ગત રાત્રીએ પટ્ટાથી યુવાનને માર માર્યો હોવાની ઘટના બનવા પામી છે. કલોલ તાલુકા પોલીસે ઈમરાનમીયાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ કલોલના વાંટાવાળા વાસમાં જેઠલજ વિસ્તારમાં રહેતા ઈમરાનમીયા મલેક અને ખાત્રજના જેઠલજ રોડ પાસે રહેતા મેહુલજી માલાજી ઠાકોર વચ્ચે થોડા સમય અગાઉ બાઈક અડકવાની નજીવી બાબતે ઝઘડો થયો હતો. તેની અદાવત રાખીને મેહુલજીએ ગઈ રાત્રે ખાત્રજ નવી સહજાનંદમીલ સામે ચા ની કિટલી પાસે ઈમરાનમીયાને કમર પટ્ટા વડે માર માર્યો હતો. ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આ સંદર્ભે કલોલ તાલુકા પોલીસમથકના પી.એસ.આઈ. આર.ટી. બ્રહ્મભટ્ટે ગુનો નોંધીને ફરાર આરોપીની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

# પાનસરના યુવાનનો ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ

કલોલ, તા. ૧

કલોલના પાનસર ખાતે પુરારનગર વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય યુવાને ગત રાત્રીએ ઘરે હતો તે દરમ્યાન ઝેરી દવા પી લઈને કોઈ કારણોસર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તાત્કાલીક કલોલ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયેલા યુવાનને સમયસર સારવાર મળી જતા હાલ તેની તબીયત સુધારા પર છે. કલોલ તાલુકા પોલીસે જાણવા જોગ અરજીને આધારે તપાસનો દોર સરૂ કર્યો છે.

# કલોલના સુમન પાર્કમાંથી યુવતી લાપત્તા

કલોલ શહેરના રેલવે પુર્વ વિસ્તારમાં સ્થિત સુમનપાર્ક સોસાયટી મકાન નં. ૮માં રહેતી યુવતી સોનલ પુનમભાઈ સુમેશ્રા ગઈકાલે ઘરેથી બપોરના સુમારે કોઈને કાંઈ કહ્યા વિના ચાલી ગઈ હતી. દિવસ-રાત એક કરીને પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ તેણીના સગડ ક્યાંથી ન મળતા કલોલ શહેર પોલીસનો સંપર્ક સાંધી ગુમ થયા અંગે જાણવા જોગ નોંધાવી હતી.

# સમોડા-ગણવાડા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

ઊંઝા, તા. ૧

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સમોડા-ગણવાડા ખાતે તાજેતરમાં કેન્દ્રિય ભંડારણ નિગમ, અમદાવાદના સહયોગથી વિકાસશીલ ખેડૂતો માટે પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો ઉદ્દેશ પાક કપાયા પછીની ટેકનોલોજી પર જાગૃતિ લાવવાનો હતો.

જેમાં સમોડા, ગણવાડા, નાગવાસણ, વાઘણા તથા ધનાવાડા ગામોના ૪૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતમિત્રોએ ભાગ લીધો હતો. આ સેમિનારનું ઉદઘાટન કેમ્પસ ડાયરેકટર જોઈતારામ, ડૉ. અનુરાગ ત્રિપાઠીએ કર્યું હતું. કેન્દ્રના પ્રો.કો.ઓડી. સુશીલકુમાર શર્મા તથા સ્ટાફમિત્રો તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૩-૯-૧૨, સોમવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૪ S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

# ત્રણ પ્રોબેશનરી સનદી અધિકારીઓને નિમણુંક અપાઈ

રાજયના ત્રણ પ્રોબેશનરી સનદી અધિકારીઓને નિમણુંક આપવામાં આવી છે.

| નામ | નિમણુંકની જગ્યા |
|---|---|
| પટેલ આનંદ બાબુલાલ | આસીસ્ટન્ટ કલેકટર, ભૂજ |
| નરેન્દ્રકુમાર મીના | આસીસ્ટન્ટ કલેકટર<br>હાલોલ પંચમહાલ |
| ગૌરવ દહીયા | આસીસ્ટન્ટ કલેકટર<br>ખંભાળીયા |

# મિલકત વેરાના પ્રશ્ને સોમવારે મેમોરેન્ડમ અપાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર વિકાસ પરિષદના મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખે જણાવ્યા અનુસાર મિલકતવેરાના પેંચીદા પશ્ને ગાંધીનગર વિકાસ પરિષદ દ્વારા લવજીભાઈ વાડીયાઆના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કોર કમિટીની બેઠકમાં નક્કી થયા પ્રમાણે તા. ૩જી સપ્ટેમ્બરના બપોરે મહાનગર પાલિકાના જન સેવા કેન્દ્ર પાસે ગાંધીનગર વિકાસ પરીષદના પદાધિકારીઓ, કોર કમિટીના સભ્યો, વિવિધ સેકટરોના જાગૃત વસાહતીઓનું પ્રતિનિધિ મંડળ શહેરી વિકાસ મંત્રીશ્રી, અગ્રણી સચિવશ્રી, કમિશ્નરશ્રી, મેયરશ્રીને રૂબરૂમાં આવેદન પત્ર આપશે.

# કલોલ પંથકમાં વધી રહેલાં આપઘાતના બનાવો ચિંતાજનક

કલોલ, તા. ૧

જીવનને જીવંત બનાવવામાં પરિસ્થિતિઓ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે આ સંજોગો એક એવા સ્તર પર પહોંચી જાય છે કે વ્યક્તિ પોતાના જ અસ્તિત્વ પર પ્રશ્ન પૂછે છે ત્યારે એનો જવાબ સ્વરૂપે તે આત્મહત્યા તરફ પ્રેરાઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે કલોલમાં ઓગષ્ટ મહિનાનાં છેલ્લાં સપ્તાહમાં આપઘાતનાં પાંચ બનાવો બનવા પામ્યાં છે. જેમાં પાંચ પૈકી બે વ્યક્તિ મૃત્યુ પામ્યાં છે જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓ જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં છે.

છેલ્લાં એક સપ્તાહમાં બનેલ આ કિસ્સાઓનાં કેટલાક તારણો પ્રાપ્ત થયા છે તો કેટલાકનાં પોલીસને રહસ્ય પરથી પડદો હટાવવામાં સફળતા મળી નથી. આવા કિસ્સાઓમાં આપઘાત પાછળ ઘણી બધી વાર સામાજિક પરિબળો ભાગ ભજવે છે. કેટલાંક કિસ્સાઓમાં વ્યક્તિને પરસ્પર કે કુટુંબમાં ઉભા થતાં મતભેદો કે પતિ-પત્ની વચ્ચે બનેલ અણબનાવોને લીધે તેઓ આત્મહત્યા તરફ વળી જાય છે. અનેક આપઘાતનાં બનાવોનાં આર્થિક સંકડામણમાં સપડાઈ જવાને લીધે તે અંતિમ પગલું આત્મહત્યા કરશે તો જ આ ભીંસમાંથી બહાર નીકળી શકશે. એમ માની આત્મહત્યાનો પ્રયાસ કરે છે. પરંતુ ઘણી બધીવાર જીવનમરણ વચ્ચે ઝોલા ખાય છે ને અંતે પોતે વધારે જ દુઃખી થાય છે.

દિન-પ્રતિદિન વધતાં જતાં આપઘાતના કિસ્સાઓમાં કલોલમાં નોંધાયેલ છેલ્લાં એક સપ્તાહમાં આ પાંચેય કિસ્સામાં અલગ-અલગ વયજુથનાં ૩ પુરૂષો અને ૨ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આ અલગ-અલગ જગ્યાએ બનેલ કિસ્સાઓનાં કેન્દ્રસ્થાને રાખતી વાત એ છે કે આપઘાત પાછળ માનસિક પરિસ્થિતિઓ વધારે જવાબદાર બને છે. કોઈ એક વિચાર કે પ્રશ્ન વ્યક્તિનાં મનમાં ઘર કરી જાય છે ને અંતે માનસિક રીતે તુટી જાય છે ને આત્મઘાતનો માર્ગ જ સ્વીકારે છે પરંતુ તેઓ પોતાની પાછળની પરિસ્થિતિ પોતાનાં પરિવારજનો મિત્રો સ્વજનો તેની મૃત્યુ બાદ આ સમસ્યાઓને જીવનનો તેમનાં વગર કેવી રીતે સામનો કરશે તે વિચારતાં જ નથી ને અંતે તેમનાં સ્વજનો અને કુટુંબીજનોને કોઈ માત્ર એક જ પંક્તિ યાદ આવે છે ‘ચિઠ્ઠીના કોઈ સંદેસ જાને વો, કોનસા દેશ જહાં તુમ ચલે ગયે’

કોઈ પણ પરિસ્થિતિ કે સમસ્યાનો અંત માત્ર આપઘાત જ નથી તે સમજવું અતિ આવશ્યક છે. હાલના તબક્કે સહેજ પણ સહનશીલતા ન દાખવતાના સ્વભાવને કારણે આપઘાતના કિસ્સાઓ પોલીસ ચોપડે વધુને વધુ નોંધાતા જાય છે. આ સમયે જો તેઓ પરિસ્થિતિને સમજીને તેનાં નિષ્ણાત પાસેથી સલાહ લઈ લે, સમસ્યાને જીવનની એક અડચણ સમજી લઈને પાર પાડી લેવામાં આવે અને હળવા મને તે લેવામાં આવે તો આ સમસ્યાઓને સરળતાથી ઉકેલી શકાય છે. વ્યક્તિ જ્યારે આવી પરિસ્થિતિનો શિકાર બને ત્યારે જો તે મનોચિકિત્સકની સલાહ લે તો આપઘાતનાં બનાવો મહદ્અંશે ઘટી શકે છે તેમ મનોચિકિત્સકોનું માનવું છે.

GAS ફાળવણીનું સત્ય જાણો...

આજની તારીખમાં જે પ્રમાણે **મુંબઈ અને દિલ્હીને**
**સસ્તો (APM) ગેસ મળે છે,**
**તે ગુજરાતમાં GSPC GASને મળતો નથી.**

કેન્દ્ર સરકારની ભેદભાવની નીતિને લીધે
**અમદાવાદ તથા ગુજરાતના અન્ય શહેરોમાં CNG અને ઘર વપરાશ માટે**
**મોંઘો આયાતી ગેસ આપવામાં આવે છે,**
જ્યારે મુંબઈ અને દિલ્હીને
સસ્તો ડોમેસ્ટીક ગેસ આપવામાં આવે છે.

ગુજરાતના CNG અને PNG વપરાશકર્તાઓની ઉપેક્ષા કરીને
**ઉદ્યોગગૃહોને સસ્તો ગેસ કેન્દ્ર સરકાર દ્વારા**
**બારોબાર આપવામાં આવે છે.**

**કેન્દ્ર સરકારના આક્ષેપો**
**સત્યથી તદ્દન વેગળા છે.**

**જો કેન્દ્ર સરકાર, દિલ્હી અને મુંબઈના ભાવે**
**ગુજરાતને ગેસ આપે તો ગુજરાત સરકાર**
**ગેસનો ભાવ ૩૦% ઘટાડવા કટિબદ્ધ છે.**

ગુજરાત સરકાર